ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેકસ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક : બીઝેડ/ફોરમ/૭૦/૧૮-૧૯/ 3539 તારીખ: - 4 AUG 2018

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
શ્રી રવજીભાઈ મોહનભાઈ કુંભાર,
હજામની સીડી, બ્રાહમણી માતાના મઢ પાસે,
બોટાદ-૩૬૪ ૭૧૦.
મો.૯૯૨૪૨૮૪૪૬૧.

**કેસ નં.: ૭૦/૧૮-૧૯**

**વિષયઃ નવા ખેતીવાડી વીજ જોડાણ લેવા બાબત.**

સંદર્ભઃ (૧) આપનો પત્ર તા.૦૨-૦૭-૧૮.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૧૮-૧૯/૩૧૪૨ તા.૧૨/૦૭/૨૦૧૮.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૭૦/૧૮-૧૯/૩૨૩૦ તા.૧૯/૦૭/૨૦૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૨૬/૦૭/૨૦૧૮ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણઃ- ઉપર મુજબ.**

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **બોટાદ.**
*........ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **શહેર-૨ બોટાદ.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૭૦/૧૮–૧૯ ☜

વાદી :– શ્રી રવજીભાઈ મોહનભાઈ કુંભાર

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખઃ– ૨૬/૦૭/૨૦૧૮ ◈

હાજર રહયા :– શ્રી હરજીભાઈ રવજીભાઈ (વાદીશ્રી ના પુત્ર)

પ્રતિવાદી :– શ્રી એ.એ.જાડેજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી રવજીભાઈ મોહનભાઈ કુંભાર, મુ.બોટાદ ની નવા ખેતીવાડી વીજ જોડાણ લેવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૭૦ / ૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, અમરેલીને પત્ર નં.બીઝેડ/ફોરમ/ ૭૦ ૧૮–૧૯/ ૩૧૪૨ તા.૧૨/૦૭/૨૦૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૨૬/૦૭/૨૦૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી શ્રી રવજીભાઈ મોહનભાઈ કુંભાર વતી તેમના પુત્ર શ્રી હરજીભાઈ રવજીભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ.એ.જાડેજા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, બોટાદ ઉપસ્થિત રહેલ.

☞ વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ અમોને આપની કચેરી દ્વારા પત્ર નં. ૩૮૨૫ તા. ૪.૧૦.૧૭ ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ છે . શરતચૂક થી એસ્ટીમેન્ટ ની રકમ ભરવાનું ચુકી ગયેલ.

૧.૨ તેમાં અમો સંમતી વગેરે કાર્યવાહી કર્યા બાદ હું વડોદરા કડીયાકામ કરવા જતો રહેલ અને એસ્ટીમેન્ટ મારા કુટુંબીજનો એ ભરેલ નહિ અને તે હું બોટાદ આવ્યા બાદ ઘરે પુછતાછ કરતા તેને ભરેલ ન હોવાથી આપ સાહેબ ને માનવતા દાખવી અને અમારે ફરી વાર અરજી કરીને વારામા ઉભું રહેવું ન પડે તે માટે આપ સાહેબ ને નાણા ભરપાઈ કરાવી આપવા હુકમ કરવા મારી અરજ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

☞ **પ્રતિવાદીશ્રીની રજુઆતઃ- તેમની રજુઆત છે કે,**

૨.૧ અરજદારશ્રી રવજીભાઈ મોહનભાઈ કુંભાર દ્વારા તેમના બોટાદ ગામના ખેતીવાડી સર્વે નં ૯૫૯ પૈકી ૨ માં નવું ખેતીવાડી વીજ જોડાણ લેવા બોટાદ શહેર-૨ પે.વી.કચેરી ખાતે રજીસ્ટ્રેશન ચાર્જ રૂ ૨૦૦ પહોંચ નં. ૪૪૦૮૪૫ થી તારીખ ૮.૧૧.૧૩ ના રોજ ભરપાઈ કરી અરજી કરેલ હતી.

૨.૨ સામાન્ય અગ્રતાક્રમ મુજબ અરજદારનો વારો આવતા સ્થળ મોજણી કરી અરજદારને અંદાજપત્ર જાવક નં. ૩૮૨૫ થી તારીખ ૪.૧૦.૧૭ ના રોજ આપવામાં આવેલ . જે અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તારીખ ૨.૧૧.૧૭ હતી. અંદાજપત્ર ની રજી.એડી ની સ્લીપ આ સાથે સામેલ છે.

૨.૩ અરજદાર દ્વારા સદર અંદાજપત્ર ની રકમ સમય મર્યાદા ભરપાઈ કરેલ નહિ અને સમયમર્યાદા મા સદર અંદાજપત્ર ભરપાઈ કરવાની સમય મર્યાદા વધારવા પણ કોઈ અરજી આપેલ નહિ.

૨.૪ ત્યારબાદ અરજદાર દ્વારા તારીખ ૧૪.૧૧.૧૭ ના રોજ સદર અંદાજપત્ર ભરપાઈ કરવાની સમય મર્યાદા પ્રથમ વખત ૬ માસ વધારવા પે.વી. કચેરી ખાતે અરજી આપેલ. પરંતુ અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તારીખ વીત્યા બાદ અરજી આવેલ હોવાથી સદર અંદાજપત્ર ની સમયમર્યાદા વધારી શકાયેલ નથી અને કનેક્શન આપવા માટે આગળ ની કોઈ કાર્યવાહી થઇ શકેલ નથી

☞ **<u>ફોરમનું તારણ</u>** :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર રવજીભાઈ મોહનભાઈ કુંભાર નાં નામનું બોટાદ ગામમાં ખેતીવાડી સ.નં.૯૫૯/૨ માં તા.૦૮-૧૧-૧૩ નાં રોજ નવુ ખેતીવાડી વીજ જોડાણ માટેની અરજી નોંધણી કરાવેલ.

૩.૨ પ્રતિવાદી ધ્વારા વાદીને તા.૪-૧૦-૧૭ ના રોજ રજી.એ.ડી. ધ્વારા અંદાજપત્ર આપવામાં આવેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૨-૧૧-૧૭ હતી જે વાદી અરજદાર ધ્વારા ભરપાઈ કરેલ નહી.

૩.૩ વાદીએ અંદાજપત્રની ભરપાઈ કરવાની સમયમર્યાદા તા.૨-૧૧-૧૭ ના રોજ પ્રતિવાદીની કચેરીમાં અંદાજપત્ર સમયમર્યાદા છ માસ વધારવા માટે અરજી આપેલ, પરંતુ પ્રતિવાદી ધ્વારા અંદાજપત્ર માટે અરજી આપેલ, પરંતુ પ્રતિવાદી ધ્વારા અંદાજપત્રની સમય મર્યાદા વધારવાની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નહી.

૩.૪ વાદીએ તા.૨-૧૧-૧૭ ની તેના આપેલ અંદાજપત્રની સમય મર્યાદા પુરી થયે ૩૦ દિવસમાં એટલે કે તા.૧૪-૧૧-૧૭ ના રોજ છ માસની વધુ મુદતની સમય મર્યાદા વધારવા અરજી કરેલ હોઈ, પ્રતિવાદીએ વાદીને આ સંજોગોમાં નવુ અંદાજપત્ર આપવું.

<u>-:: હુકમ ::-</u>

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે **"તારણ નં.૩.૪ મુજબ વાદીને દિવસ-૧૦ માં પ્રતિવાદીએ નવું અંદાજપત્ર આપવું."**
- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(પી. એચ. માવાણી)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

તારીખ :-૨૬/૦૭/૨૦૧૮